**વડીલોને વંદન**
**અભિનંદન**



ભવાનીશંકર એન. પંડ્યા
(૧૯૪૩) ફોન: ૨૩૨૩૪૩૮૦

# ભાટ ગામે પડોશી સાથે થયેલા ઝઘડામાં લાગી આવતા મહિલાએ શરીરે કેરોસીન છાંટી દીવાસળી ચાંપી

## પત્નીને સળગતી જોતા બચાવવા ગયેલો પતિ પણ ગંભીર રીતે દાઝી ગયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક ભાટ ગામે આવેલ બે પરિવાર વચ્ચે કચરો નાખવા બાબતે ઝઘડો થતા એક મહિલાને લાગી આવતા ઘરમાં જઈ શરીરે કેરોસીન છાંટી સળગી જવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પોતાની પત્નીને બચાવવા ગયેલો પતિ પણ આગમાં લપેટાઈ જતા પતિ-પત્ની બંને ગંભીર રીતે દાઝી જતા તેમને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલિસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક ભાટ ગામે મુન્નાભાઈ પ્રધાન પોતાની પત્ની મોનાબેન સાથે રહે છે. આજે સવારે મુન્નાભાઈની પત્ની મોનાબેન ઘરના આંગણામાં કચરો વાળી રહ્યા હતા જેનો થોડો કચરો બાજુના મકાનમાં ઉડીને જતા બાજુમાં રહેતા પરિવારના સભ્યોએ ઉગ્ર ઝઘડો કર્યો હતો. આથી બોલ્યા ચાલ્યા વગર ગમ ગળીને મોનાબેન પોતાના ઘરમાં ચાલ્યા ગયા. બાદમાં બપોરના સમયે પોતાના પતિ મુન્નાભાઈ પ્રધાન ઘરે આવતા આ ઝઘડા અંગે વાત કરી હતી. આથી બંને પતિ પત્ની થયેલા ઝઘડા બાબતે બાજુમાં રહેલા મકાનના પરિવારજનોને ઠપકો આપવા ગયા હતા પરંતુ મામલો વધુ ઉગ્ર બનતા ફરી વાર બંને ઘરના સભ્યો વચ્ચે ઝઘડો થયો હતો. દરમિયાન મોનાબેન પ્રધાનને લાગી આવતા તેણીએ ઘરમાં જઈ શરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી હતી અને આગની લપેટોમાં લપટાઈ ગઈ હતી. પોતાની પત્નીને આગમાં લપેટેલી જોતા પતિ પણ તેને બચાવવા ગયો હતો અને તે પણ આગની લપેટમાં આવી ગયો હતો. આથી આસપાસના લોકોએ દોડી આવી બંનેના શરીરે લાગેલી આગ ઓલવી હતી. આ આગમાં પતિ પત્ની ગંભીર રીતે દાઝી ગયા હતા જેઓને અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જયાં બંનેની હાલત હજુ ગંભીર છે. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે જે અંગે તપાસ જમાદાર ભીખાભાઈ ચલાવી રહ્યા છે.

## ૧૯૮૧માં પ્રથમ વખત એઈડ્સ અંગે જાણ થઈ હતી

અમદાવાદ, તા.૧

પહેલી ડિસેમ્બરના દિવસે દર વર્ષે એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એઈડ્સ એક ખતરનાક બિમારી છે. મુખ્યરીતે બિનસુરક્ષિત સેક્સ સંબંધોના લીધે એઈડ્સના જંતુઓ શરીરમાં પ્રવેશ કરી જાય છે. આ બિમારી અંગે ખૂબ મોડેથી માહિતી મળે છે અને એ ગાળા સુધી દર્દીની હાલત કફોડી બને છે અને ઈલાજ શક્ય રહેતા નથી. દર્દીઓ પણ એચઆઈવી ટેસ્ટ અંગે સજાગ રહેતા નથી. આવી સ્થિતિમાં હાલત કફોડી બને છે. એક્વાયર્ડ ઈમ્યુનો ડિફિસિયન્સી સિન્ડ્રોમ એઈડ્સનું સંપૂર્ણ નામ છે જે ખૂબ ઓછા લોકો જાણે છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી ટુકડીની આંધ્રના મુખ્યમંત્રી સાથે ચર્ચા

## પ્રદિપસિંહના નેતૃત્વમાં ટીમે તમામ જરૂરી માહિતી આપી યુવા પેઢીને સરદાર વલ્લભભાઈ પટેલ વિશે જાણવાં મળશે

અમદાવાદ,તા. ૧

સ્ટેચ્યૂ ઓફ યુનિટી નિર્માણમાં જનજાગૃતિ અને જનભાગીદારી માટે આંધ્રપ્રદેશના પ્રવાસે ગયેલ રાજ્ય સરકારના પ્રવાસી પ્રતિનિધિ મંડળને આંધ્રપ્રદેશમાં ખૂબ જ ઉત્સાહભર્યો અને ઉષ્માભર્યો પ્રતિભાવ સાંપડ્યો છે. કાયદો અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાના નેતૃત્વ હેઠળના પ્રવાસી પ્રતિનિધિ મંડળે સ્ટેચ્યૂ ઓફ યુનિટી અભિયાન અંતર્ગત આંધ્રપ્રદેશના મુખ્ય મંત્રી નલ્લારી કિરણકુમાર રેડ્ડીની શુભેચ્છા મુલાકાત લેતા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ખૂબ જ ઉષ્માભર્યો પ્રતિભાવ આપ્યો હતો. તેઓએ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં નિર્માણ પામનાર સ્ટેચ્યૂ ઓફ યુનિટી અંગે ઉત્સુકતા દાખવી હતી.

તે આ પ્રસંગે મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સમગ્ર અભિયાન અને તે અંગે જનજાગૃતિ કેળવવા તથા જન ભાગીદારી માટે આગામી દિવસોમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા યોજાનાર કાર્યક્રમોની વિગતો આપી હતી તેના પ્રતિભાવમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીએ એવી આશા વ્યક્ત કરી હતી કે આવા કાર્યક્રમોથી ખાસ કરીને દેશની યુવા પેઢીને સરદાર વલ્લભભાઈ પટેલ વિશે ઘણું જાણવાનું મળશે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ આ શુભેચ્છા મુલાકાત દરમિયાન હૈદરાબાદના નિઝામ સામે સરદાર પટેલે દાખવેલી મુત્સદી, નિડરતા અને તત્કાલીન હૈદરાબાદના વિલિનિકરણમાં સરદાર પટેલની ભૂમિકાનો વિશેષ ઉલ્લેખ કરી, તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. મંત્રીપ્રદિપસિંહ જાડેજાએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ ગુજરાત સરકાર વતી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પાઠવેલા પત્ર સરદાર પટેલની તસ્વીર તથા સ્ટેચ્યૂ ઓફ યુનિટી અભિયાન સંબંધી સાહિત્ય અર્પણ કર્યું હતુ.



(તસવીર : કાળુસિંહ રાઠોડ, વિજાપુર)

અખિલ ભારતીય ક્ષત્રિય મંચની ૧૧મી આત્મ ચિંતન શિબિર મહારાષ્ટ્રના નાંદેડ મુકામે તારીખ ૨૧ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન યોજાનાર છે. આ શિબિરમાં ભાગ લેવા ગાંધીનગર રાજપૂત સમાજ દ્વારા એક મીટીંગ યોજી જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં ભાગ લેવા માટે ક્ષત્રિય બંધુઓને ક્ષત્રિય મંચના પ્રમુખ બાદરસિંહ વાઘેલા, પ્રદેશમંત્રી ચંદ્રસિંહ ઝાલા, રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ દિપસિંહ રાઠોડ અથવા રાષ્ટ્રીય સહ સંયોજક કાળુસિંહ રાઠોડનો સંપર્ક કરવા જણાવાયું છે. (તસવીર : કાળુસિંહ રાઠોડ, સલાલ)

# ગુજરાત : એઈડ્સ કેસના મામલે દેશમાં પાંચમા ક્રમે

ભારતમાં એચઆઈવી એઈડ્સ કેસોની સંખ્યાના મામલામાં ગુજરાત પાંચમાં ક્રમાંક પર છે. ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યુ છેકે ગુજરાતમાં ઓલ ઈન્ડિયાના ૦.૨૭ ટકાની સામે ૦.૩૩ ટકાનો પ્રવર્તમાન રેટ પુખ્તવયના લોકોમાં જોવા મળે છે. ૨૦.૯ લાખ લોકો એચઆઈવી એઈડ્સગ્રસ્ત થયેલા છે જે પૈકી ૧.૨૭ લાખ લોકો ગુજરાતમાં છે. દેશમાં એડલ્ટ એચઆઈવી એઈડ્સ રેટ ૦.૨૭ ટકા છે જ્યારે ગુજરાતમાં આ દર વધારે છે. આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિળનાડુમાં ગુજરાત કરતા પણ વધુ એચઆઈવીના કેસો છે. આ વર્ષે પહેલી એપ્રિલથી ૧૩મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં જનરલ કેટેગરીમાં ૫.૨ લાખ લોકોના ટેસ્ટ કરાયા હતા. જીએસે સીએસના જણાવ્યા મુજબ આ પૈકી ૬૮૫૫ લોકો ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા.



પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામે એક ખેડૂતના ખેતરમાં જાંબલી ભટ્ટાનું વાવેતર કરવામાં આવ્યું છે. જેના એક ભટ્ટામાં આબેહૂબ ગણપતિ બાપાનું જેવું ચિત્ર દેખાતા આજુબાજુના લોકો ભટ્ટાના દર્શન કરવા આવતા લોકોની ભીડ જોવા મળતી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મજૂર અધિકાર મંચ દ્વારા આજે અમદાવાદમાં બાંધકામના મજૂરોનું મહાસંમેલન યોજાશે

અમદાવાદ, તા.૧

અમદાવાદની મજૂર અધિકાર મંચ સંસ્થા દ્વારા રાજયમાં અસંગઠિત અને પ્રવાસી મજૂરો જેવા કે બાંધકામ, ખેતી, જીનીંગ તેમજ અન્ય મજૂરોની સમસ્યાઓ સંબંધિત હિતધારકો સાથે લોકપેરવી કરી ઉકેલની દિશા અને ભાવિ કાર્યક્રમોનું આયોજન કરવા બાબતે બાંધકામ મજૂરોનું મહા સંમેલન તા. ૨જી ડિસેમ્બરે સુભાષબ્રિજ સર્કલ પાસે આવેલ આર.ટી.ઓ. સર્કલ ખાતે યોજવામાં આવ્યું છે. આ મહાસંમેલન સવારે ૧૧ વાગે યોજવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં બાંધકામ ક્ષેત્રે અંદાજે બે લાખથી વધુ મજૂરો સો જેટલા કડીયાનાકા અને ૪૫૦૦ જેટલી સાઈટો પર કામ કરી રહ્યા છે. આ મજૂરોના વિવિધ પ્રશ્નો જેવા કે કામના પ્રમાણમાં ઓછું મહેનતાણું, મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા નોંધણી ન થવી, સ્થળાંતરિત મજૂરોને રહેવાની સુવિધાનો અભાવ, સુરક્ષા, અપૂરતી મજુરી વગેરે જેવા ગંભીર પ્રશ્નો અંગે આ મહાસંમેલનમાં વિચારણા કરાશે તેમજ સંબંધિત હિતધારકો જેવા કે શાસન, પ્રશાસન, બિલ્ડર, ઠેકેદાર અને માલિક સાથે વિવિધ પ્રવૃત્તિઓ અને પધ્ધતિના માધ્યમથી નિરાકરણ લાવવા પ્રયત્ન કરાશે.



## પ્રાંતિજ તાલુકાના મોયદ ગામે આરોગ્ય વર્કશોપ યોજાયો

પ્રાંતિજ તાલુકાના મોયદ ગામે તાજેતરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય સુખાકારીની વધુ સારી જાણકારી અને માર્ગદર્શન માટે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. જી.વી. નાયક, આયુષ મેડીકલ ઓફીસર ડૉ. કે.એમ. મોદી, પી.એચ.સી. મેડીકલ ઓફિસર આર.આર. પટેલના સાંનિધ્યમાં વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં આજુબાજુના ગામો જેવા કે મોયદ, સાંપડ, પીલુંદ્રા, કાટવાડ, નનાનપુર વગેરેના સરપંચો તેમજ મોટી સંખ્યામાં આશા વર્કરોએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં આરોગ્ય સુખાકારી અંગે સરકારી યોજનાઓ અને લાભોની જાણકારી આપી તેને પ્રજા સુધી પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

(તસવીર : કાળુસિંહ રાઠોડ, સલાલ)

## શબ્દાવલી - ૫૨૪૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | |
| | | | ૯ | ૧૦ | | | |
| ૧૧ | ૧૨ | | | | | ૧૩ | ૧૪ |
| ૧૫ | | | ૧૬ | | ૧૭ | | |
| | ૧૮ | ૧૯ | | | | | |
| ૨૦ | | | | ૨૧ | | ૨૨ | ૨૩ |
| | | ૨૪ | | | | ૨૫ | |

### આડી ચાવી

૧. લંકાપતિ રાવણની બહેન (૪)
૪. કાછડો (૩)
૭. રદ્દી, નકામુ (૩)
૮. રંગારો (૩)
૯. ધરપકડ કરવાનો સરકારી આદેશ (૩)
૧૧. તાસક, કપ... (૩)
૧૩. ડીયો, અંગુઠો બતાવવો તે (૨)
૧૫. બે હાથને સામસામા અથડાવી કરાતો અવાજ (૨)
૧૬. સખી આજની ઘડી છે... (૫)
૧૮. આહિર કોમની સ્ત્રીઓનો એક ખાસ પોશાક (૨)
૨૦. મરી, તીખા (૩)
૨૧. હા-ના કરવી તે (૪)
૨૪. ગમગીન થઈ જવું તે (૩)
૨૫. જીદ્દી (૨)


### ઊભી ચાવી

૧. બહાદુર (૪)
૨. પાઉડર લગાવવાનું રૂની નાની ગાદી જેવું સાધન (૨)
૩. દરિયાખેડુ (૩)
૪. વીજળીનો શૉટ લાગે તે (૩)
૫. પાઘડીમાં ખોસેલા ફુલના તોરા (૨)
૬. નળી, પાઈપ (૨)
૧૦. આંગણો.... પુરાવા રંગોથી (૩)
૧૨. એક કડવાણી ઔષધી (૪)
૧૩. ઓછું પ્રકાશિત (૨)
૧૪. હાથમાં જોઈન્ટ હોય તે (૨)
૧૭. પીડા, મુશ્કેલી (૩)
૧૯. બિલાડી બોલે... (૩)
૨૦. આનંદ, ફન (૨)
૨૧. છાશની ઉપર પાણી વળે તે (૨)
૨૨. કાર્ય, કામ (૨)
૨૩. પાણી વહી જવા કરેલ પાળ (૨)

### શબ્દાવલી ૫૨૪૩ના જવાબ

***આડી ચાવી :-*** (૧) મુસાફર (૪) અબોટ (૬) શકળ (૭) લોપ (૮) માપપટ્ટી (૧૦) ધારાવાહિક (૧૩) તારવણી (૧૪) પાવ (૧૫) હક (૧૬) સાવરણી (૧૭) તમામલ (૧૮) તારણ (૧૯) મલમલ

***ઊભી ચાવી :-*** (૧) મુશળધાર (૨) સાક (૩) ફળ (૪) અલોપ (૫) બોપટ્ટી (૮) માહિર (૯) પકવવું (૧૧) વાતાવરણ (૧૨) નીલકમલ (૧૪) પાવર (૧૫) હમામ (૧૬) સાતા (૧૭) તલ



ઠંડીની સીઝન શરૂ થતાની સાથે જ શક્તિવર્ધક આમળા બજારમાં આવી ગયા છે.

### આકરા પ્રહારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુના ચમેલસિંહનો સમાવેશ થાય છે. પાકિસ્તાનની જે જેલમાં સરબજીતને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો તે જ જેલમાં એક સપ્તાહ પહેલાજ ચમેલસિંહને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. જો કેન્દ્ર સરકારે ચમેલસિંહના મોત પર અવાજ ઉઠાવ્યો હોત તો સરબજીતને બચાવી શકાયો હોત,. કોંગ્રેસ દ્વારા આપવામાં આવી રહેલા બિનસાપ્રદાયિકતાના નારાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે પંડિત નહેરુએ કહ્યું હતું કે કલમ ૩૭૦ સમય જતા બિન અસરકારક બની જશે. કેન્દ્ર સરકાર હવે નહેરુની ઇચ્છા પૂર્ણ કરવા તૈયાર છે. કલમ ૩૭૦ની જરૂર છે કે કેમ તે અંગે હવે વિચારણા કરવાનો સમય આવી ગયો છે. આ મુદ્દે સંસદમાં ચર્ચા થવી જોઇએ.

મોદીએ પોતાના ભાષણમાં જમ્મુ કાશ્મીર સરકાર પર પક્ષાપાત કરવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે દલિતો, આદિવાસી અને અન્યો માટે એકસમાન અધિકારની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે પુરૂષો અને મહિલાઓને એકસમાન અધિકાર મળવા જોઇએ. સેપરેટની જગ્યાએ સુપર સ્ટેટની અપીલ કરતા તેમણે કહ્યું હતું કે તેઓ હિન્દુઓ અને 'મુસ્લિમો અંગેની વાત કરી રહ્યા નથી. તેઓજમ્મુ કાશ્મીર અંગે વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે વિકાસ ત્યા જ થાય છે જ્યાં એકતા હોય છે. ચાઇના પોલીસી પર કેન્દ્ર સરકારની ટિંકા કરતા તેમણે કહ્યું હતું કે ચીન દ્વારા ભારત સાથેની સરહદ પર ગામના લોકોને મફત સીમ કાર્ડનુ વિતરણ કરવામાં આવી રહ્યું છે. અમારી ટેલિકોમ કંપની પણ આ કામ કરી શકે છે. પંચાયતોને નાણાંકીય સત્તાઓ આપવાના ૭૩મા 'સુધારોનો મુદ્દો પણ તેમણે ઉઠાવ્યો હતો. પ્રવાસને મોટો ફટકો પડી રહ્યો છે.

### વાવણીમાં વિલંબ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતો હાલ રવિસીઝનની વાવણીને લઈ દ્વિધામાં જોવા મળી રહ્યા છે. બટાટાની ખેતી માટે પણ બિયારણ મોંઘું હોવાથી ખેડૂતો હવે લીલા શાકભાજીના વાવેતર તરફ વધુ આકર્ષાયા છે.

હવામાનમાં સતત થઈ રહેલા બદલાવને પગલે ઘઉંની વાવણીનો કાર્યકાળ લંબાશે પણ વાવેતર કેટલુ થશે તેને લઈ તંત્ર હાલ મૌન સેવી રહ્યું છે. જો કે પાક આયોજન મુજબ વાવેતર થશે તેવો વિશ્વાસ અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં સતત બદલાતા રહેતા હવામાનને કારણે ખેડૂતોની ચિતંઓ પણ વધવા પામી છે. જો કે હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યાનુસાર એકાદ સપ્તાહ બાદ પુનઃ વાતાવરણ સ્થિરતા ધારણ કરી લેશે. હાલ ગરમીના તાપમાનમાં બે થી પાંચ ડિગ્રીનો તફાવત જોવા મળી રહ્યો છે.

# ભાગલા પાડવા સિવાય મોદીને કશું સુઝતું નથી

## ગુજરાતની મહિલાઓ અને બાળકો સૌથી વધારે કુપોષિત કેમ છે તે પ્રશ્નનો જવાબ મોદી આપતા નથી : મોઢવાડિયા

અમદાવાદ,તા. ૧

રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની જમ્મુ ખાતેની લલકાર રેલીને જુઠાણો દસ્તાવેજ ગણાવીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કાશ્મીરને ભારત સાથે જોડાયેલા ૩૭૦ની કલમ હોય કે રામ મંદિરનો મુદ્દો હોય તે ચૂંટણીઓ ઉપર ઉઠાવને સત્ત ઉપર આવલતા વેત ભાજપ કેમ ભૂલી જાય છે તેવો સણસાનતો સવાલ પૂછ્યો હતો.

દેશની સુરક્ષાની દુહાઈ દેનાર મોદી કારગીલ ઘૂસણખોરી કે શ્રીનગરની જેલમાંથી ત્રણ ત્રાસવાદીઓને ૮૦૦ કરોડની બેગ સાથે કંધાર છોડી આવ્યા ત્યારે મોદી અને ભાજપ ક્યાં હતા ? અર્જુન મોઢવાડિયા જણાવ્યુ હતુ કે ગુજરાતના મુખ્યમંત્રી તેમની ફેંકુ ટેકનોલોજીથી પુરા દેશની પ્રજાને કેવી રીતે ગુમરાહ કરી રહ્યા છે તે તેમની જમ્મુ કાશ્મીરની રેલીમાં મુખ્યમંત્રી કેવા જૂઠ્ઠાણા ચલાવ્યા છે તેના પરથી પ્રતીત થાય છે. આ ભાજપ જ્યારે સત્તા પર ના હોય ત્યારે આ મુદ્દાઓને આગળ લાવે છએ અને જ્યારે સત્તા ઉપર આવે ત્યારે આવા અવાસ્તવિક મુદ્દાઓ પડતા મુકે છે. એ જ રીતે ૨૦૦ની સાલમાં શ્રીલંકા અને દક્ષિણ ભારત વચ્ચે મોટી સ્ટીમરો પસાર થઈ શકે તે માટે શ્રીલંકા -ભારત વચ્ચ પુરાતન યુગમાં અસ્તિત્વ ધરાવતા રામસેતુને તોડીને સેતુ સમુદ્ર પ્રોજેક્ટને એનડીએની વાજપેયી સરકારે મંજુરી આપી હતી આ માટે બજેટ ફાળવણી કરીને કામગીરી શરૂ કરાવી હતી.

પરંતુ ૨૦૦૪માં યુપીએ સરકાર બનતા આરએસએસ અને ભાજપે સેતુ સમુદ્ર પ્રોજેક્ટ બંધ કરવા કાગારોળ મચાવી હતી. નરેન્દ્ર મોદીની જમ્મુ કાશ્મીરની મહિલાઓ, આદિવાસીઓ અન્ય પછાત વર્ગની ચિંતા કરવાની આકરી ઝાડકણી કાઢતા જણાવ્યુ હતુકે ગુજરાતમાં આદિવાસીઓ માટે ૧૫ ટકા સરકારી નોકીરઓમાં અનામત છે તેની જગ્યએ સાડા નવ ટકાનો રાખવાનો નિર્ણય મોદી સરકારે કેમ કર્યો ? જંગલમાં જમીન અધિકાર આદિવાસીઓની જગ્યાએ મોટા ઉદ્યોગપતિઓને કેમ અપાયા ? દલિતો અને અન્ય પછાત વર્ગને ૧૦૦ વારના પ્લોટ આપવાની યોજના કેમ બંધ કરી ? ગુજરાતની જ મહિલાઓ અને બાળકો સૌથી વધારે કુપોષિત કેમ છે ? આ પ્રશ્નોના જવાબ આપવાને બદલે મોદી બીજા રાજ્યોની સરકારને ભાંડવા પહોંચી જાય છે. કાશ્મીરમાં જઈને પણ જમ્મુ અને કાશ્મીરના ભાગલા પાડવા સિવાય નરેન્દ્ર મોદીને કશુ સૂઝતું નહિ હોવાનું અને દેશના નેતાની જગ્યાએ ભાગલાવાદી નેતા તરીકે વર્તતા હોવાનું મોઢવાડિયાએ જણાવ્યુ હતુ.

### રેલી દિવસ બની રહ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ૧૧ સ્પર્ધકોને સ્થળ પરજ નવી સાયકલો ઈનામમાં અપાઈ હતી.

આ સાયકલ રેલીમાં ભાગ લેનાર તમામને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, સ્ટેટ બેંક,લીડ બેંક, દેના બેંક તેમજ અન્ય બેંકોના અને ભારતીય નિર્વાચન આયોગના સૌજન્યથી ટી શર્ટ, કેપ અને બોલપેનની સ્મૃતિ કીટ ભેટ કરાઈ હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશ્નર એલ.વી. પાડલિયા, જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન, નિવાસી અધિક કલેક્ટર એમ.ડી. મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આઈ.આર. મનસુરી, ગાંધીનગર પ્રાંત અધિકારી સુધીરભાઈ પટેલ, નાયબ કલેક્ટર ગુણવંત સોલંકી વગેરેએ પ્રેરણારૂપ હાજરી આપી હતી. મોટી સંખ્યામાં વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને નગરજનોએ પણ ભાગ લઈ ગાંધીનગરમાં જાણે સફેદ કેપ-ટીસર્ટ સાથે સાયકલો ચલાવી સમગ્ર વાતાવરણને અનોખુ બનાવી દીધુ હતું.